ગાંધીનગર સમાચાર

શહેરમાં વાદળિયા વાતાવરણ અને બેવડી ઋતુની અસરથી નગરજનો વાયરલનો શિકાર

# ગતિશીલ ગુજરાતના લક્ષ્યાંકો સિદ્ધ કરવા અધિકારીઓને કડક તાકીદ

ગાંધીનગર, તા. ૨૦

ગતિશીલ ગુજરાતના લક્ષ્યાંકો જે ફાળવવામાં આવ્યા છે તે માર્ચ અંત સુધીમાં સિદ્ધ થઈ જાય તે જોવા માટે આજે જિલ્લાના અધિકારીઓને કડક તાકીદ જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે કરી છે.

આજે જિલ્લા સંકલન સમિતિની બેઠક બાદ તેમણે અધિકારીઓની વિભાગવાર થયેલ કામગીરીની સમીક્ષા કરી હતી. આરોગ્ય, કૃષિ, શિક્ષણ, ક્ષમરોજગાર, ઉદ્યોગ કેન્દ્ર સહિતના વિભાગોની તેમણે સમીક્ષા કરી હતી.

જિલ્લા કલેક્ટરશ્રીએ જે લક્ષ્યાંકોમાં ૭૦ ટકા કામગીરી થઈ છે તે ઝડપથી પૂર્ણ થાય અને બાકી રહેલી કામગીરીના લક્ષ્યાંકો પણ ૭૦ ટકાથી વધુ સિદ્ધિ હાંસલ થાય તે જોવા જણાવ્યું હતું.

તેમણે કેટલાક વિભાગોએ ફાળવેલા લક્ષ્યાંકોમાં ૧૦૦ ટકા કે તેથી વધુ સિદ્ધિ મેળવી છે તેને પણ બિરદાવી હતી અને હજુ વધુ સારી કામગીરી કરવા પ્રોત્સાહિત પણ કર્યા હતા.

જિલ્લા કલેક્ટર બાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પણ જિલ્લા પંચાયતની વિવિધ શાળાઓની ગતિશીલ ગુજરાતના લક્ષ્યાંકો અને થયેલ કામગીરીની સમીક્ષા કરી હતી.



વિચાર મંચ - ભારતીય વિચાર મંચ, ગાંધીનગર શાખા દ્વારા દેશના જાણીતા ચિંતક અને વિચારક શ્રી રાકેશ સિંહાનું જાહેર વ્યાખ્યાન ગુજરાતના જાણીતા પત્રકાર અને તંત્રી શ્રી અજય ઉમટ અધ્યક્ષસ્થાને યોજાયું હતું. ખૂબ જ સ્પષ્ટ અને અસરકારક વ્યાખ્યાનથી ઉપસ્થિત શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા હતા... (તસવીર : દિપક જાની)

# સંકલન સમિતિની બેઠકમાં માર્ગ મકાન વિભાગના અધિકારીઓ ગેરહાજર : કલેક્ટર લાલઘુમ

**મહત્વની બેઠકમાં અધિકારીઓની ગેરહાજરીથી કલેક્ટરે નારાજગી દર્શાવી**

ગાંધીનગર તા ૨૦

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આજે મળેલી સંકલન સમિતિની મહત્વની બેઠકમાં માર્ગ મકાન વિભાગના અધિકારીઓ હાજર ન રહેતા જિલ્લા કલેક્ટરે ભારે નારાજગી દર્શાવી બેઠકમાં હાજર રહેવા કડક શબ્દોમાં તાકીદ કરી હતી.

જિલ્લા કક્ષાના પ્રશ્નો તેમજ વિવિધ વિભાગો સાથે સંકળાયેલી બાબતો અંગે પરામર્શ કરવા માટે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજવામાં આવે છે. જેમાં ફરિયાદ સમિતિ તેમજ સંકલન સમિતિ કક્ષાએ જિલ્લાના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે પણ જરૂરી સુચનાઓ આપવામાં આવતી હોય છે.

● અનુસંધાન પાન-૭ પર

# માણસા તાલુકાના અમરાપુરને ગ્રીન સોલ્યુશન થકી સ્માર્ટ વિલેજ બનાવાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના અમરાપુર ગામને સ્માર્ટ વિલેજ બનાવવા માટે ફિકીની લેઝીડ વીંગ ફ્લોની અમદાવાદ શાખાના પ્રથમ ચરણનો આજથી આરંભ થયો છે.

આજે સંસ્થાની આ દિશાના પ્રથમ ચરણરૂપે ગામની પ્રા. શાળા, ઈન્દિરાનગરની પ્રા. શાળા તેમજ ગ્રામભારતી પ્રા. શાળાને સ્માર્ટ સ્કૂલ બનાવવાની સાથે સાથે વેસ્ટ મેનેજમેન્ટ આર્મી બાળકોની તૈયાર કરવાના સંકલ્પની ઘોષણા સાથે સ્કૂલમાં ક્લાસરૂમ દીઠ ડસ્ટબીન વિતરણ કરી સ્વચ્છતા અંગેના ફાયદા તેમજ કચરામાંથી કંચન કેવી રીતે બનાવી શકાય તેની સમજ આપવામાં આવી હતી.

ફલોના રાષ્ટ્રીય અધ્યક્ષા સુશ્રી અર્ચના ગરોડિયા ગુપ્તા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે અમદાવાદ શાખાની આ પહેલને બિરદાવી ગ્રીન સોલ્યુશન થકી ગ્રીન વિલેજની કલ્પના સાકાર બને તેવી શુભકામના વ્યક્ત કરી હતી.

અમદાવાદ શાખાના ચેરપર્સન દિપા શાહ તેમજ રૂપા ગાંધી જે પ્રોજેક્ટના કોર્ડીનેટર છે તેમણે વિવિધ વિગતોની રૂપરેખા આપી હતી.

**ફિક્કીના મહિલા વિંગના રાષ્ટ્રીય અધ્યક્ષા અર્ચના ગરોડિયા ગુપ્તા, એરોકેમના મેને. ડિરેક્ટર ગોરલી પારેખની વિશેષ ઉપસ્થિતિમાં સંસ્થાના સંકલ્પને સાકાર કરવાનો પ્રારંભ કરાયો : વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત અમે બાળકોની સેના તૈયાર કરી ગ્રીન વિલેજની દિશામાં ઝડપથી આગળ વધીશુ : દિપા શાહ-રૂપા ગાંધી**

આ પ્રસગે ચેરપર્સન અને મેને. ડિરેક્ટર ઓફ એરોકેમ ઈન્ડિયા લિમિ.ના ગોરલી પારેખ, રાષ્ટ્રીય અધ્યક્ષા અર્ચના ગરોડિયા ગુપ્તા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આજે સંસ્થા દ્વારા અમરાપુર ગામની પ્રા. શાળાને પ્રોજેક્ટર, સ્લાઈડ સ્કીન, એલસીડી વીથ પ્રોજેક્ટર, સોફ્ટવેર ઈ. પાથ, ઈન્દિરાનગર પ્રા. શાળાને પાંચ ટેબ્લેટ તેમજ ગ્રામભારતીની આંગણવાડીને ૨ ટેબ્લેટ તેમજ એલસીડી વીથ પ્રોજેક્ટર, સોફ્ટવેર ઈ. પાથ આપવામાં આવ્યા હતા.

સંસ્થાના ચેરપર્સન દિપા શાહ અને રૂપા ગાંધીએ જણાવ્યું હતું કે વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત અમે બાળકોની સેના તૈયાર કરી ગ્રીન વિલેજની દિશામાં ઝડપથી આગળ વધીશુ. આ માટે આજે પ્રાથમિક વિગતો બાળકોને સમજાવવામાં આવી છે.

આ સાથે અમે ગામની મહિલાઓના આરોગ્ય તેમજ કુપોષણથી મુક્તિ અભિયાનનો પણ આરંભ કર્યો છે. સર્જન હેલ્થ કેરના ડૉ. દર્શના ઠક્કર આ માટે ખાસ સમયાંતરે આવી મહિલાઓ સાથે ગોષ્ઠી કરશે અને તેમની સમસ્યાઓના ઉકેલની દિશામાં આગળની કાર્યવાહી કરશે.

આ મહિલા અગ્રણીઓએ જણાવ્યું હતું કે અમે આ ગામને ૨૦૧૬ના અંત સુધીમાં સ્માર્ટ વિલેજ ગ્રીન સોલ્યુશન થકી બનાવવાનો સંકલ્પ છે અને ગ્રામજનોએ પણ સંપૂર્ણ સહયોગની આપેલી ખાતરીને લઈ અમારા ઉત્સાહમાં અનેકગણો વધારો થયો છે.

# શહેરમાં વાદળિયા વાતાવરણ અને બેવડી ઋતુની અસરથી નગરજનો વાઈરલનો શિકાર

ગાંધીનગર તા ૨૦

શહેરમાં મૌસમનો મિજાજ છેલ્લા ત્રણ દિવસથી બદલાયેલો છે. બેવડી ઋતુ વચ્ચે વાદળિયુ વાતાવરણ છવાયેલુ રહેતા નગરજનો સુસ્તી અનુભવી રહયા છે. ત્યારે એલર્જીના દર્દીઓ પરેશાન થઇ ગયા છે.

એલર્જીના દર્દીઓ કોમન કોલ્ડનો શિકાર બની રહયા છે. આ ઉપરાંત નોન સ્પેસિફીક વાઈરલની અસરથી પણ જનઆરોગ્ય પર વિપરિત અસર પ્રર્વતી હોવાનુ ધ્યાને આવ્યુ છે.

શિયાળાની મૌસમ વિદાય લેવા તરફ છે. ત્યારે મૌસમનો મિજાજ વિચિત્ર હોવાનો અહેસાસ નગરજનો કરી રહયા છે. છેલ્લા એક અઠવાડીયાથી ઠંડી ગરમીની અસર વચ્ચે શહેરીજનો બેવડી ઋતુનો અનુભવ કરી રહયા છે. જ્યારે છેલ્લા ત્રણ દિવસથી વાદળિયુ વાતાવરણ છવાયેલુ રહેતા આકાશી નઝારો પણ બદલાયો છે. આવા સંજોગોમાં નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ છે.હવામાન તજજ્ઞોના જણાંવ્યા મુજબ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદના છાંટણા થવાની પણ શકયતા છે. આવા સંજોગોમાં ઠંડી ગરમીની ઋતુથી જનઆરોગ્ય પર વિપરિત અસર થવા પામી છે.જેના લીધે નોન સ્પેશિફિક વાઈરલ તેમજ ગળાના બેકટેરીયલ ઈન્ફેકશનના દર્દીઓની સંખ્યા વધી છે. આવા કીસ્સામાં ન્યુમોનિયા થવાની પણ શકયતા વધુ રહેલી હોય છે. નગરના જાણીતા તબીબ ડો બદ્રીશ સંઘવીના જણાવ્યા મુજબ લગ્ન ગાળાની સીઝનમાં નગરજનો બહારનુ ખાવાના લીધે પણ ઝાડા ઉલ્ટી સહીતની બિમારીઓનો શિકાર બની રહયા છે. જયારે વાદળિયા વાતાવરણમાં એલર્જીના દર્દીઓ કોમન કોલ્ડનો ભોગ બની રહયા છે.

URGENTLY REQUIRED
→Telecallers - Female
→Sales Managers/Executives - Male
(Minimum Graduate)
The Applicant must have good command over gujarati language.
Resume to be sent at E mail - pbr.bd@prebioresearch.com
PBR Pvt Ltd. A-34, Sec-25, GIDC, Gandhinagar

સીઝનમાં ભરવાલાયક દરેક પ્રકારના
નવા ચોખા તથા
કોલ્હાપુરી ગોળ મળશે
ગુજરાત ૧૭ | જીરાસર | લચકારી કોલમ
દાવત બાસમતી | રેશમ બાસમતી
કોહીનુર બાસમીત | પરી બાસમતી
નવી તુવેરદાળ
ઘનશ્યામ એન્ટરપ્રાઈઝ
પ્લોટ નં. ૩૮૬, પી.એન.બી. બાજુમાં, સેક્ટર-૧૬, ગાંધીનગર
મો. ૯૮૨૪૦ ૧૭૫૩૬

IndusInd Bank
લોન... લોન... લોન...
જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...
● વિમાના ૮૫%* સુધી ધિરાણ ● સૌથી ઓછો વ્યાજદર*
● ઝડપી પ્રોસેસ ● સરળ દસ્તાવેજ વિધિ
૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર
Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)

સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડીયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
શ્રી ગાયત્રી વોચ કંપની
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, ગાંધીનગર. મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

॥ શ્રી ગણેશાય નમઃ ॥
શ્રી ક્રિષ્ના ફર્નિચર એન્ડ પ્લાય
રાજેશભાઈ 9687433766
પરષોત્તમભાઈ 9904162608
હરેશભાઈ 9879604963
ધમાકા ઓફર
આખાય ઘરનું ફર્નિચર ફક્ત : 30,999/-
● ડબલબેડ ● મેટ્રેસ, ઓસીકા ● વોલ ડ્રોપ ● ટીપોઈ ● સોફા
પેથાપુરમાં ૪૦૦૦ સ્કેવેર ફુટ બેઝમેન્ટમાં વિશાળ અને અદ્યતન શો રૂમ
શોપ નં. ૧૧૩/૧૨૪, મહાલક્ષ્મી કોમ્પલેક્ષ, પેટ્રોલપંપ ની બાજુમાં, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર, ગાંધીનગર.

GANDHINAGAR International Public School
KNOWLEDGE THAT ENLIGHTENS
Nursery Jr. KG Sr. KG
Admission Open 2016-17
✣ From Nursery to standard 12 Science stream
✣ Commerce Stream (English/Gujarati Medium)
✣ Excellent Hostel facilities
UNIVERSITY of CAMBRIDGE International Examinations
CAMBRIDGE INTERNATIONAL CENTRE
Gandhinagar-Mansa highway, Randheja, Gandhinagar
Phone No : 079 23976821-22-23 Mo : 9925017160
www.gipschool.com; e-mail : gips.school@yahoo.com

ENTRY FREE
1 DAYS TO GO!
www.habitatconclave.com
Organizer: GICEA
Co-organizers: SEP, SBST
Event Sponsor: VARMORA
HABITAT CONCLAVE
WHERE CREATORS MEET
SUSTAINABLE & SMART CITY
THERE'S SOMETHING FOR EVERYONE
FROM 1 BHK HOMES TO INDEPENDENT VILLAS.
Smart City Development Partners
VISIT THE MEGA EXHIBITION FOR SUSTAINABLE PRODUCT RANGE
Co-organizers: Vishal, PAL Enterprise
Exhibition Diamond Sponsors: GT GALVACON TMT, DIAMOND TMT, ET TMT BARS
18 - 21 FEB, 2016 | AES GROUND, HELMET CIRCLE, VIJAY CROSS ROAD, NR. ADANI PETROL PUMP, DRIVE-IN ROAD, AHMEDABAD.
MEGA EXHIBITION 10:30 AM TO 7:30 PM | ASHAPALLI FESTIVAL 10:30 AM TO 10:00 PM

હવે મેળવો
10.01% દ.વ.*
વાર્ષિકીકૃત ઉપજ 60 મહિના મુદતની
ડીસીબી ફિક્સ્ડ ડિપૉઝિટ પર
આપની જમા રાશિને 8 વર્ષ 9 માસમાં બમણી કરો!!#
ડીસીબી બૅન્ક
સેક્ટર 16, ઘ રોડ, ગાંધીનગર
કૉલ કરેઃ 9825542026 / 9825974100 / 65730141
*કર-પહેલાની વાર્ષિકીકૃત ઉપજ દ.વ. 8.20% દરે 60 મહિના ટર્મ ડિપોઝિટ માટે ત્રિમાસિક ચક્રવૃદ્ધિ ફ્રીક્વન્સીના અનુમાન આધારે જ્યારે વ્યાજ અને મુદ્દલ મુખ્ય પરિપક્વતા પર ચૂકવવામાં આવે છે. #8.00%નાં વાર્ષિક વ્યાજ દરે અને સંચિત વિકલ્પ પર પૂર્વ ટીડીએસ. નિયમો અને શરતો લાગુ. આ વ્યાજ દરો 9 નવેમ્બર, 2015 થી લાગુ રહે છે અને કોઈપણ પૂર્વ સૂચના વિના ફેરફારને આધીન છે.
DCB Bank Limited
DCB BANK

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com